# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-03-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર અનિલ પટેલ વાંચે છે.

****************************************************

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી આસામની ત્રણ દિવસની મુલાકાતે
2) વર્લ્ડ ઓડિયો-વિઝયુઅલ એન્ડ એન્ટરટેઇનમેન્ટ સમિટ- **WAVES**નાં ભાગ રૂપે ક્રિએટર ઇકોનોમી માટે એક અબજ ડોલરનાં ભંડોળની રચના કરવામાં આવશે.
3) આજે દેશભરમાં રંગોનાં પર્વ ધુળેટીની પંરપરાગત રીતે ઉંમગ અને ઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે.
4) રશિયાએ યુક્રેન સાથેનાં યુધ્ધ વિરામ માટે અમેરિકાની દરખાસ્ત પર ચર્ચા કરવા તૈયારી બતાવી
5) મહિલા પ્રિમીયર લીગ ક્રિકેટ- **WPL**માં મુંબઇ ઇન્ડિયન્સ ગુજરાત જાયન્ટ્સને હરાવીને ફાઇનલમાં

.........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# AMIT SHAH - ASSAM VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે સાંજે ત્રણ દિવસની મુલાકાત માટે આસામ પહોંચશે, જે દરમિયાન તેઓ અનેક કાર્યક્રમોમાં હાજરી આપશે. તેઓ જોરહાટ એરપોર્ટથી ગોલાઘાટ જશે અને ડેરગાંવમાં લચિત બરફૂકન પોલીસ એકેડેમીમાં રાત્રિ રોકાણ કરશે. આવતી કાલે સવારે, મિઝોરમ જતા પહેલા શ્રી શાહ અત્યાધુનિક પોલીસ એકેડેમીનું ઉદ્ઘાટન કરશે. બપોરે 2 વાગ્યે, તેઓ આસામ રાઇફલ્સનાં ઝોખાવસાંગમાં સ્થાનાંતરણ માટે આઇઝોલમાં આયોજિત એક કાર્યક્રમમાં હાજરી આપશે. બાદમાં, તેઓ રાત્રિ રોકાણ માટે ગુવાહાટી પાછા ફરશે.

રવિવારે ગૃહ મંત્રી કોકરાઝાર જિલ્લામાં ઓલ બોડો સ્ટુડન્ટ્સ યુનિયનની 57મી વાર્ષિક પરિષદને સંબોધન કરશે.

# WAVES SUMMIT ASHWINI VAISHNAV

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જાહેરાત કરી છે કે, વર્લ્ડ ઓડિયો-વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઇનમેન્ટ સમિટ- WAVESનાં ભાગ રૂપે ક્રિએટર ઇકોનોમી માટે એક અબજ ડોલરનાં ભંડોળની રચના કરવામાં આવશે.

તેમણે જણાવ્યું કે, મુંબઇમાં 1થી 4 મે દરમિયાન યોજાનાર વેવ્ઝ સમિટ ઉચ્ચ મૂલ્ય ધરાવતું કન્ટનેટ રચવાનો મંચ પૂરો પાડશે.

શ્રી વૈષ્ણવે આ અંગે માહિતી આપી..

(BYTE : ASHWINI VAISHNAV)

કેન્દ્રીય વિદેશ મંત્રી ડોક્ટર એસ જયશંકરે જણાવ્યું કે, વેવ્ઝ સમિટ મિડીયા અને મનોરંજન ઉદ્યોગમાં ચર્ચા, જોડાણ અને નવીનીકરણ માટેનો મહત્વનો મંચ પૂરો પાડશે.

# HOLI CELEBRATIONS

આજે દેશભરમાં રંગોનાં પર્વ ધુળેટીની પંરપરાગત રીતે ઉંમગ અને ઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. આ તહેવાર વસંત ઋતુનું આગમન અને આસુરી શક્તિ પર દૈવી શક્તિનાં વિજયનું પ્રતીક છે. આ પર્વ એકતા અને સદભાવનાને પ્રોત્સાહન આપે છે.

ગઈકાલે હોલિકા દહન સાથે તહેવારની શરૂઆત થઈ. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને હોળી ધુળેટીનાં પર્વની શુભકામના આપી છે.

આજે ધુળેટી નિમિત્તે દેશબજારનાં બજારોમાં પિચકારી, રંગો, હર્બલ ગુલાલ, મીઠાઈઓ સહિતની વસ્તુઓની ખરીદી કરી રહ્યા છે. હોળીને ધ્યાનમાં રાખીને, તહેવારને વધુ ખાસ બનાવવા માટે ખાદ્યપદાર્થોની દુકાનો પર ખાસ મેનુ તૈયાર કરવામાં આવ્યા છે.

એઇમ્સ નવી દિલ્હીના ત્વચા નિષ્ણાંત ડોક્ટર કૌશલ વર્માએ હોળી રસિયાઓને સાવચેતી રાખવા અપીલ કરી હતી.

(**BYTE: Dr. Kaushal verma**)

રાજ્યભરમાં આજે લોકોમાં ધુળેટીની ઉજવણીનો અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. ગઈ કાલે રાજ્યનાં સુપ્રસિધ્ધ યાત્રાધામો અંબાજી, પાવાગઢ, દ્વારકા તથા ડાકોર ખાતે ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. આ પ્રસંગે યાત્રા ધામો ખાતે હોળી પ્રગટાવીને વિશેષ પૂજા અર્ચના કરવામાં આવી હતી.

પ્રસ્તુત છે અમારા પ્રતિનિધિનો અહેવાલ

**(VOICE CAST APARNA KHUNT)**

# CBSE EXAM HOLI

સેન્ટ્લ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન-CBSE એ જણાવ્યું છે કે, દેશનાં વિવિધ ભાગોમાં હોળી ધૂળેટીની રજાઓ હોવા છતાં શનિવારે ધોરણ 12ની પરીક્ષા નિયત સમયપત્રક મુજબ જ યોજાશે. બોર્ડે એક નિવેદનમાં જણાવ્યું છે કે, ધોરણ 12ની હિન્દી કોર અને હિન્દી ઇલેક્ટિવ વિષયોની પરીક્ષા રાબેતા મુજબ જ યોજાશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝીક)**

# CHATTISGARH NAXLITES

છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં આજે સત્તર નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું, જેમાંથી નવ નક્સલીઓના માથા પર સામૂહિક રીતે 24 લાખ રૂપિયાનું રોકડ ઇનામ હતું. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, એક દંપતી સહિત તમામ કેડરોએ બીજાપુરમાં વરિષ્ઠ પોલીસ અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF) અધિકારીઓ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું.

# KREMLIN-US-UKRAINE

રશિયાએ જણાવ્યું છે કે તે હવે યુક્રેન સાથેનાં યુધ્ધ વિરામ માટે અમેરિકાની દરખાસ્ત પર ચર્ચા કરવા તૈયાર છે. ક્રેમલિનના સહાયક યુરી ઉષાકોવે જણાવ્યું કે, શાંતિપૂર્ણ રીતે ચર્ચા ચાલી રહી છે અને મોસ્કો મંત્રણા માટે તૈયાર છે. જો કે તેમણે આ દરખાસ્ત યુક્રેનનાં લશ્કર માટે કામચલાઉ રીતે લાભકર્તા હોવા અંગે ચિંતા વ્યક્ત કરી છે.

અમેરિકાના અધિકારીઓ રશિયા અને યુક્રેન વચ્ચે સંભવિત યુધ્ધવિરામ પર ચર્ચા કરવા હાલ મોસ્કોમાં છે. વિશેષ રાજદૂત સ્ટીવ વિટકોફ 30 દિવસના યુધ્ધવિરામ પર ચર્ચા કરવા ગઈ કાલે આવી પહોંચ્યા હતા. આ સપ્તાહના પ્રારંભમાં યુક્રેન યુધ્ધવિરામ માટે સંમત થયું હતું.

# CRICKET-WPL

મહિલા પ્રિમીયર લીગ ક્રિકેટ- WPL માં મુંબઇ ઇન્ડિયન્સે ગુજરાત જાયન્ટ્સને 47 રનથી હરાવીને સ્પર્ધાની ફાઇનલમાં સ્થાન મેળવ્યું છે. ગઈ કાલે રાત્રે મુંબઇનાં બ્રેબોર્ન સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતા મુંબઇએ હેલી મેથ્યુસ અને નેટ સ્કિવર બ્રન્ટનાં 77- 77 રનની મદદથી ચાર વિકેટે 213 રન કર્યા હતા. જવાબમાં ગુજરાત જાયન્ટ્સ 19.2 ઓવરમાં 166 રનમાં ઓલ આઉટ થઈ ગયું હતું.

હવે શનિવારે ફાઇનલમાં મુંબઇ ઇન્ડિયન્સ અને દિલ્હી કેપિટલ્સ ટકરાશે. 2023ની WPL ફાઇનલમાં પણ આ બંને ટીમ આવી હતી, જેમાં મુંબઇ ઇન્ડિયન્સનો વિજય થયો હતો.

# BADMINTON - ALL ENGLAND OPEN

બેડમિન્ટનમાં, ઓલ ઇંગલેન્ડ ચેમ્પિયનશિપ્સમાં ભારતના શટલર લક્ષ્ય સેને વર્તમાન ચેમ્પિયન જોનાટન ક્રિસ્ટીને પરાજય આપીને ક્વાર્ટરફાઇનલમાં પ્રવેશ કર્યો છે. ભારતની જોડી ટ્રીસા જોલી અને તેમના ભારતીય પાર્ટનર ગાયત્રી ગોપીચંદ મહિલા ડબલ્સ ક્વાર્ટરફાઇનલ્સમાં પહોંચ્યા છે.

દરમિયાન, માલવિકા બંસોડ જાપાનના બે વખતના વિશ્વ ચેમ્પિયન અકાને યામાગુચી સામે પ્રિ ક્વાર્ટર ફાઇનલમાં હારી ગયા હતા. અગાઉ, બે વારના ઓલિમ્પિક ચંદ્રક વિજેતા પીવી સિંધુ હારી જતા ટુર્નામેન્ટમાંથી બહાર નીકળી ગયા હતા.

# WORLD PARA ATHLETICS GRAND PRIX 2025

દિલ્હીમાં રમાયેલ વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ગ્રાન્ડ પ્રિક્સ 2025માં ભારતે 45 સુવર્ણ, 49 રજત અને 49 કાંસ્યચંદ્રક સહિત કુલ 134 ચંદ્રકો મેળવીને પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે.

ટ્રેક એન્ડ ફિલ્ડ સ્પર્ધામાં ભારતીય ખેલાડીઓએ અસાધારણ દેખાવ કર્યો હતો. ગઈ કાલે સ્પર્ધાના અંતિમ દિવસે પુરુષોની શોટ પુટ F11-F20 કેટેગરીમાં ભારતે તમામ ચંદ્રકો જીત્યા હતા.

# POLAND US NUCLEAR

પૉલેન્ડના રાષ્ટ્રપ્રમુખ આન્દ્રેઝ ડૂડાએ અમેરિકાને પૉલેન્ડમાં પરમાણું હથિયાર તહેનાત કરવા આગ્રહ કર્યો છે. આ અનુરોધ તેમણે વર્ષ 2022માં પણ કર્યો હતો. શ્રી ડૂડાના સલાહકાર વોઝ્શિએક કૉલાસ્કીએ જણાવ્યું, પરમાણુ સુરક્ષા યુક્રેન, બેલારૂસ અને રશિયાના કૈલિનિનગ્રાદની સરહદથી જોડાયેલા નાટો સભ્ય તરીકે દેશની સુરક્ષાને મજબૂત કરશે.

દરમિયાન પૉલેન્ડના પ્રધાનમંત્રી ડૉનાલ્ડ ટસ્કે ફ્રાન્સના પરમાણુ અવરોધને યુરોપ સુધી વિસ્તારવાના રાષ્ટ્રપ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોંના પ્રસ્તાવ મામલે ફ્રાન્સ સાથે ચાલી રહેલી વાટાઘાટોની પુષ્ટિ કરી હતી. જોકે, મૉસ્કોએ આ વિચારની ટિકા કરતા તેને ઘણો સંઘર્ષાત્મક ગણાવ્યો હતો.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે જયેશ વેગડા

### આજના અખબારોના મુખ્ય સમાચાર પર નજર કરીએ તો

- મોટાભાગના અખાબારોએ તામિલનાડુની ડીએમકે સરકાર દ્વારા બજેટમાંથી રૂપિયાનો લોગ દૂર કરવાના સમાચારને હેડલાઇનમાં લીધાં છે.
- નવગુજરાત સમયે ટ્રમ્પની ધમકી કારગત – યુધ્ધવિરામ માટે પુતિન તૈયારના મથાળા સાથે સમાચાર બનાવ્યાં છે.
- લીલીવતી હોસ્પિટલમાં કાળો જાદુ, હાડકાંથી ભરેલા કળશ મળ્યા 1250 કરોડનું કૌભાંડના અહેવાલની હેડલાઇન્સ બનાવી છે.
- હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકાએ ડોકિંગ કે 56 ઉપગ્રહો કો કિયા અનડોક ના સમાચારની હેડલાઇન્સ બનાવીને ઇસરોની સિધ્ધિને વર્ણવી છે.
- આ ઉપરાંત તમામ અખબારોએ સુનિતા વિલિયમ્સની અવકાશમાંથી પરત ફરવાની મુદત લંબાવાઇ, સમગ્ર દેશમાં હોળીની ઉજવણીની તસવીર સાથેના સમાચાર પ્રકાશિત થયા છે.
- રાજ્ય અને સ્થાનિક સમાચારોમાં રાજ્યભરમાં ઉત્સાહ અને ઉમંગપૂર્વકના હોળિકા દહનના સમાચાર તમામ અખબારોએ તસવીર સાથે પ્રસિધ્ધ કર્યા છે.
- અમદાવાદમાંથી ક્રાઇમ બ્રાંચે ઝડપેલા મોટા પ્રમાણમાં ડ્રગ્સના સમાચારને પણ તમામ અખબારોએ છેલ્લાપેજ ઉપર સ્થાન આપ્યું છે.
- જ્યારે રમતગમતના પાના ઉપર મુંબઇ ઇન્ડિયન્સનો ગુજરાત સામે વિજયના સમાચારને પણ છાપ્યાં છે આ ઉપરાંત રાજ્યમાં કાળઝાળ ગરમીમાંથી રાહત મળે તેવી હવામાન વિભાગે દર્શાવેલી શક્યતાને પણ તમામ અખબારોએ છેલ્લા પેજ ઉપર પ્રકાશિત કર્યા છે.